જમનાબાઈ નરસી સ્કૂલ દ્વારા હિંદી દિવસની ઉજવણી



# કાકાના ત્રાસથી ભત્રીજી લખનૌથી ગાંધીનગર આવી પહોંચી

ગાંધીનગર, તા. ૧૫

ઉત્તરપ્રદેશના લખનૌ વિસ્તારની ૧૯ વર્ષની યુવતી તેના કાકાની મારઝુડથી કંટાળીને ઘરેથી નીકળી ગઈ હતી. એક ટ્રેઈન પકડી તે ગાંધીનગર આવી પહોંચી હતી. ચારેક દિવસના રઝળપાટ બાદ ઘર છોડ્યાનો પસ્તાવો થયો ને હવે તે ઘરે જવા માંગતી હતી. પરંતુ ભાષાની અજ્ઞાનતાને લીધે કોઈને કહીં શકતી ન હતી. એક મહિના પહેલા કોઈએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનમાં ફોન કરી આ યુવતી અહીં ક્યાંકથી આવી ગઈ હોવાનું જાણ કરવા કોલ કર્યો અને ત્યારે ૧૮૧ની ટીમ સાંતેજ પહોંચી યુવતીને મળી હતી.

૧૮૧ની ટીમના કાઉન્સીલર ભાવના મકવાણા, તથા અન્ય સ્ટાફે યુવતીને સાંત્વના આપી તે કોણ છે ? અને ક્યાંથી આવી તે જાણવા પ્રયત્નો શરૂ કર્યા..! ઉત્તરપ્રદેશ લખનૌના અમેઠી વિસ્તારની ૧૯ વર્ષિય શશી તેજરામ કાસીમ હોવાનું ધ્યાને આવ્યું હતું. તેણીના માતા-પિતાના મૃત્યુ બાદ કાકા અને ભાઈ સાથે ત્યાં રહેતી હતી. ૧૫ ઓગષ્ટે જ્યારે તે ગાંધીનગરથી મળી તેના ચારેક દિવસ પહેલા કાકા સાથે બોલાચાલી બાદ મારઝુડ કરી હોવાથી તેમના ત્રાસથી કંટાળીને ઘરેથી નીકળી ગઈ હતી અને ટ્રેઈનમાં બેસી ગઈ હતી. લખનૌથી અમદાવાદની ટ્રેઈનમાં બેસી ગયેલી શશી અમદાવાદ ઉતરી અને એક કંપનીની ગાડી ત્યાં ઉભી હતી ત્યાં બેસીને સાંતેજ પહોંચી ગઈ હતી.




**કાકાના મારઝુડથી કંટાળીને ટ્રેનમાં બેસી ગઈ હતી : ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનની મદદથી ભત્રીજીને પરિવારજનોને સોંપાઈ : ઘર છોડીને નીકળી ગયા બાદ પસ્તાવો થયો પરંતુ પરત ફરવાનો રસ્તો ખ્યાલ ન હતો**

શશીને ઘર છોડીને ભાગી આવવાનો પસ્તાવો થયો હોવાનું ૧૮૧ની ટીમને જણાવીને ઘરે મોકલી આપવા વિનંતી કરી હતી. જો કે તેની વિનંતી પણ ઈશારે સમજવી પડી હતી કેમ કે ભાષાની મર્યાદા નડી રહી હતી.

ત્યાર બાદ ૧૮૧ની ટીમે પહેલા ૧૫ ઓગષ્ટે સ્થાનિક સાંતેજ પોલીસ સ્ટેશનમાં જઈ જાણવા જોગ દાખલ કરાવી. ત્યાર બાદ ગાંધીનગરના નારી સંરક્ષણ ગૃહમાં આશરો અપાવ્યો. તે દરમ્યાન તેણીના જણાવ્યા મુજબ તેના સગાં વ્હાલાઓનો સંપર્ક કરીને તેમની દિકરી ગાંધીનગર હોવાની ખબર પહોંચાડી લઈ જવા જણાવ્યું હતું. તેણીના કાકા શ્રીરામ કાસીમ રાજીખુશીથી ગાંધીનગર આવીને ભત્રીજીને લઈ ગયા અને હવેથી પુરેપુરી જવાબદારી નિભાવવાનું વચન આપી ગયા હતા. ૧૮૧ અભયમની ટીમનો યુવતી અને પરિવારજનો બંનેએ આભાર માન્યો હતો.

## @ગાંધીનગર

● સે-૭ સ્થિત દેના ગુજરાત ગ્રામીણ બેન્ક દ્વારા સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન બ્લડ ડોનેશન કેમ્પ તેમજ ગ્રાહક મિલન સમારંભ યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર ખાતે બપોરે ૩-૦૦ કલાકે ગણધરવાદ પ્રવચન યોજાશે.

● સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યુજીવીસીએલ કંપનીનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● સે-૩-સીમાં ધનંજય આર. જોષીના નિવાસસ્થાન પ્લોટ નં. ૪૬૧/૧ ખાતે રાત્રે ૮-૦૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● સરગાસણ ચાર રસ્તા નજીક પાઈપલાઈન લીકેજ થવાથી પાણીનો ભરાવો થયો હતો. એક તરફ વરસાદ આવતો નથી અને બીજી તરફ આ રીતે પાણી વેડફતું રહેશે તો પરિસ્થિતિ વિકટ બનતા વાર નહીં લાગે.

● ગાંધીનગરમાંથી પસાર થતા અંબાજીના પદયાત્રીઓ માટે ચ-૦ ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા મેડીકલ કેમ્પ ઉભો કરાશે. કેમ્પ તા. ૧૬થી ૨૨મી સપ્ટેમ્બર દરમિયાન યોજાશે.

● ગઈ કાલે રાત્રે ૯ વાગ્યાના સુમારે ક રોડ પરથી એક બાઈક સવાર પૂરપાટ વેગે પસાર થયો હતો. ભરચક ટ્રાફિકમાં સામેથી આવતા ટ્રકની સામે જઈને ખૂબ નજીકથી નીકળતા ટ્રક ડ્રાઈવરનો જીવ ઉંચો થઈ ગયો હતો કેમ કે વાંક ગમે તેનો હોય છેવટે દોષનો ટોપલો તો ટ્રક ચાલકો પર ઢોળવાનો જ શિરસ્તો છે.

● ભાદરવાનો તાપ નગરજનોને અકળાવી રહ્યો છે. તેનાથી વધુ પંખીને પરેશાન કરી રહ્યો છે. હાલ પાછી ઉનાળાની સીઝન નથી એટલે આ પંખીઓ માટે પાણીના કુંડા મુકવાની કોઈ મુવમેન્ટ વ્હોટ્સએપ પર ચાલતી નથી.

● કેવડા ત્રીજના વ્રતની તૈયારીના ભાગરૂપે શ્રધ્ધાળુ મહિલાઓએ બજારમાં વિવિધ સામગ્રીની ખરીદી કરી હતી.

- સમીર રામી
9924446645

# જમનાબાઈ નરસી સ્કૂલ દ્વારા હિંદી દિવસની ઉજવણી

**વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીઓને રાષ્ટ્રભાષા સાથે જોડવાનો પ્રયાસ કરાયો**

ગાંધીનગર, તા. ૧૫

જમનાબાઈ નરસી સ્કૂલ ગિફ્ટ સીટી દ્વારા એક પરંપરા મુજબ આજે સૌ પ્રથમ હિંદી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે નેશનલ ન્યૂઝ એબીપીના એડિટર, ડો. બ્રજેશકુમાર સિંઘ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ભારતેન્દુ હરીશચંદ્ર દ્વારા લિખિત અંધેરી નગરી ચોપટ રાજા નાટક ભજવ્યું હતું. જમનાબાઈ નરસી સ્કૂલ હંમેશા અન્ય ભાષાઓને પણ પૂરતું મહત્વ આપી રહી છે. આ સમારંભમાં પ્રસિધ્ધ લેખક ડો. પ્રણવ ભારતી વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ડો. બ્રજેશકુમાર સિંઘે વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું કે "હિંદી એ આપણાં દેશને જોડતું એક સામાન્ય સૂત્ર છે. સંદેશા વ્યવહારના માધ્યમ તરીકે હિંદી ભાષા સતત પ્રગતિ કરી રહી છે. શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓને પ્રાદેશિક ભાષાઓ બાબતે સભાનતાપૂર્વક સક્રિય બનાવે છે અને આ ભાષાઓમાં કડકડાક વાતચીત કરી શકે તે પ્રકારે સુધારણા કરે છે. હું નમ્રતાપૂર્વક માનું છું કે આપણે આ તકનો ઉત્તમ ઉપયોગ કરીશું, ભાષાનો પરિચય મેળવીશું અને ભાષાલક્ષી કૂચને આગળ ધપાવીશું."

પ્રિન્સિપાલ કવિતા બાજપેયી ભાષામાં પર્ફેક્ટ મેન્ટર પૂરવાર થયા હતા અને તેમણે પોતે લખેલી હિંદી કહેવતો અંગેની સુંદર કવિતાનું પઠન કર્યું હતું. તેમણે આ કવિતા દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા અને હાસ્યરસનું સર્જન પણ કર્યું હતું. હિંદી દિવસના મહત્વ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે આ દિવસની ઉજવણી માત્ર એક જ દિવસ કરવાના બદલે તે સતત ચાલતી પ્રક્રિયા હોવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓ પોતાની સંસ્કૃતિ અને માતૃભાષાના મૂળ સાથે જોડાયેલા રહે.




## કચ્છ-કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ વિજયા દશમી મહોત્સવ ઉજવશે

ગાંધીનગર, તા.૧૫

કચ્છ-કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ ગાંધીનગર દ્વારા વિજય દશમીનો મહોત્સવ તા. ૨૨મી ઓકટોબરના રોજ લેકાવાડા ગામ પાસે રોયલ રેસીડેન્સીમાં ઉજવવામાં આવનાર છે. આ પ્રસંગે તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. જો કોઈને ફોર્મ ના મળેલ હોય તો કાર્યાલય ખાતેથી મેળવી લેવા. ફોર્મ ભરી માર્કશીટ આપવાની છેલ્લી તારીખ ૧૧મી ઓકટોબર છે.

# યુથ ફેસ્ટીવલમાં યુવાનોએ સંમોહિત કર્યા

**સંગીત-નૃત્ય-અભિનય-ચિત્ર તમામ સ્પર્ધાઓમાં સ્પર્ધકોની ધારદાર હરિફાઈ : વિદ્યાર્થીઓના પ્રદર્શનથી નિર્ણાયકો મુગ્ધ બન્યા**







ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર તાલુકાના વાસણ ખાતે બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં જીટીયુના પાંચમા યુથ ફેસ્ટીવલમાં યૌવન હિલોળે ચઢયું હતું. વિવિધ સ્પર્ધાઓમાં પોતાની કળા-કૌશલ્યના કામણ પાથરતા યુવાનોએ ઉપસ્થિત તમામને સંમોહિત કર્યા હતા. પ્રથમ દિવસે લોકવાદ્યવૃંદ, લોકનૃત્યો, હળવા કંઠય સંગીત, સમૂહગીત, કલે મોડેલીંગ, પોસ્ટર મેકિંગ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. જયારે આજે બીજા દિવસે મીમીક્રી, એક પાત્રીય અભિનય, કલાસિકલ ડાન્સ, કલાસિકલ ઈન્સ્ટુમેન્ટેશન, શીઘ્ર ચિત્રકળા, કાર્ટુનીંગ તથા રંગોલી જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. વિદ્યાર્થીઓના પ્રદર્શન જોઈ સ્પર્ધાના નિર્ણાયકો પણ મુગ્ધ થઈ જવા પામ્યા હતાં.

બાપુ નોલેજ વિલેજમાં જાણે યુવાનોનો મેળો ભરાયો હોય તેવું વાતાવરણ સર્જાયું છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિ. અંતર્ગત રાજયની જુદી જુદી ૨૨ કોલેજોના ૭૦૦ વિદ્યાર્થીઓએ પાંચમા યુથ ફેસ્ટીવલમાં ભારે હોંશપૂર્વક ભાગ લીધો છે. તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા તેમની કોલેજમાંથી અન્ય વિદ્યાર્થીઓ પણ અહીં ઉમટી પડયાં છે. યુથ ફેસ્ટીવલની તમામ સ્પર્ધાઓમાં યુવાનો અચંબિત કરી મુકે તેવા પ્રદર્શન કરી રહ્યાં છે. સંગીત, ચિત્ર, અભિનય, નૃત્ય તમામ ક્ષેત્રે તેઓ એકમેકથી ચઢિયાતા પુરવાર થવા એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. સમગ્ર માહોલ સ્પર્ધાત્મક હોવાની સાથે સાથે પ્રોત્સાહક પણ જણાઈ રહ્યો છે. આવતીકાલે આ ફેસ્ટિવલનો અંતિમ દિવસ છે. જેમાં સ્કીટ, માઈમ, વેસ્ટર્ન ગૃપ ડાન્સ, વેસ્ટર્ન વોકલ સોલો, કોલોઝ, ઈલોકયુશન તથા એડ મેકિંગ સ્પર્ધાઓ યોજાશે.

(તસવીર : સમીર રામી)

## જે.એમ. ચૌધરી શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે ગત તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ લીયો અને લાયોનેસ કલબ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેટી બચાવો, બેટી વધાવો, મહિલા સશકિતકરણ, ગણેશ ચતુર્થી, ગુરૂશિષ્ય અથવા મા જેવા વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા ચિત્રો દોરાયા હતા. ચિત્ર સ્પર્ધામાં શાળાના ધો-૬ થી ધો-૮ના ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સુરભી ઠાકોર, અદિતિ ભાવસાર, કમલ કાદરી, મેઘા પારેખ, દર્શિતા રાણા વિજેતા બન્યા હતા. સમગ્ર ચિત્ર સ્પર્ધાનું આયોજન ગીતાબેન પટેલે કર્યું હતું.

## લાયોનેસ કલબ દ્વારા પ્રેરણા વિદ્યાલયમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા પ્રેરણા વિદ્યાલય ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૬ થી ૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના વિષયોમાં ગતિશીલ ગુજરાત, સ્વચ્છ ગુજરાત-પર્યાવરણ તેમજ ગણેશ ચતુર્થી હતા. આ વિષયો ઉપર પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ખુબ જ સુંદર ચિત્રો દોરી પોતાની આંતરિક અને દાર્શનિક શકિતને ચિત્રોમાં જીવંત કરી હતી.

ચિત્ર સ્પર્ધામાં અંકિત પરીહાર, જૈતુન શ્રીમાળી, વિવેક રાવલ, ભાવિક કિશોરી, ધ્રુવ ઠાકોર વિજેતા બન્યા હતા. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે લાયોનેસ કલબના પ્રમુખ શ્રીમતી વૈશાલીબેન જોષી, સેક્રેટરી દક્ષાબેન જાદવ, એરિયા ચેરમેન ઉષાબેન ગજ્જર, કોર્પોરેટર પરાગીબેન પંડયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં ગણેશજીની સ્થાપના કરાશે

સે-૩૦ સ્થિત ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે આગામી તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. ગણેશોત્સવના તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૨૩ સપ્ટેમ્બર સુધીના દિવસો દરમિયાન રોજ સવારે ૬.૩૦ કલાકે તથા સાંજે ૬.૩૦ કલાકે મંદિર ખાતે આરતી કરવામાં આવશે. આ પાવન ઉત્સવમાં ઉપસ્થિત રહી સર્વે ભાવિક ભકતો અને નગરજનોને લાભ લેવા પ્રમુખ લાલચંદ ગોપલાણીએ જણાવ્યું છે.

## જાગૃત નાગરિક પરિષદની ખાસ સભાનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની ખાસ બેઠક પ્રમુખશ્રી લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને તા. ૧૭મી સપ્ટેમ્બરે ગુરુવાર બપોરે ચાર વાગે ગાયત્રી મંદિર નજીકના શિવાલયમાં મળશે. જેમાં અત્યાર સુધીમાં લેવાયેલ નિર્ણયોની રજુઆતોની સમીક્ષા કરવા ઉપરાંત પેન્શનર્સ વીંગ, મહિલા વીંગ તથા યુવા વીંગની રચના કરવા વિચારણા કરવામાં આવશે. ભ્રષ્ટાચાર નિવારણ માટે ચર્ચા થશે. પાટનગરના પ્રબુદ્ધ નાગરિકો, સંસ્થાના પદાધિકારીઓને હાજર રહેવા મહામંત્રીશ્રી નિરંજભાઈ ઓઝાએ જણાવેલ છે.

## સેકટરોના રીંગ રોડ પર કરાયેલા દબાણો હટાવવા માંગ

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટરોમાં ઘણા સમયથી વસાહતીઓએ રીંગરોડની નજીક જમીનનું દબાણ કર્યું છે. જેના કારણે રહીશોને અવારનવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. તેથી સાંઈ-શકિત સેવા ટ્રસ્ટના પ્રમુખ કાંતિલાલ મકવાણાએ નિવેદનમાં જણાવ્યું છે કે વસાહતીઓ દ્વારા રીંગ રોડ પર દબાણ કરવામાં આવ્યું છે તેને તાત્કાલિક હટાવવાની તાતી જરૂરિયાત છે.

સેકટરોમાં રીંગરોડની બાજુમાં ઘણા વસાહતીઓએ જાળી લગાવી બગીચા બનાવેલ છે તો કેટલાકે કાંટાની તારની વાડ બનાવેલ છે. તેમજ વૃક્ષો પણ ગમે તેમ રોપી વાહનચાલકોને નડતરરૂપ બને તેવી પરિસ્થિતિ ઉભી કરી છે. જેના લીધે રીંગ રોડ ઉપર સેકટરની અંદરની ગલીઓમાંથી આવતા વાહનો જોઈ શકાતા નથી જેના કારણે અકસ્માતો થતા રહે છે. ભવિષ્યમાં ગંભીર અકસ્માતો થવાની સંભાવના રહેલ છે. આ સમસ્યાનું નિરાકરણ લાવવા સેવા ટ્રસ્ટ દ્વારા માંગણી કરાઈ છે.

## બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગણેશોત્સવમાં સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા ગણેશ મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં કોઈ પણ જ્ઞાતિના ભાઈઓ તથા બહેનો ભાગ લઈ શકે છે. જેમાં તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ રંગોળી, આરતી, સુશોભન, મહેંદી ગણપતિના સ્ત્રોત અને ભજન સ્પર્ધા તથા તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ બપોરે ૩.૩૦ કલાકે આનંદનો ગરબો તેમજ તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ બહેનો તેમજ બાળકો માટે સંગીત ખુરશી કવીઝ અને લીંબુ ચમચી જવી સ્પર્ધાઓ યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વિમળાબેન અયાચી, અંજનાબેન ગોર, ભારતીબેન જોષી તથા પ્રતિમાબેન ત્રિવેદીનો સંપર્ક સાધવાનો રહેશે.





શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલમાં સ્વયં શિક્ષક દિનની ઉજવણીમાં શાળાના કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બધા જ વિદ્યાર્થીઓએ અલગ અલગ વિષયો પર શિક્ષણ કાર્ય કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. શાળાના આચાર્ય તરીકે જાદવ નિરાલી તથા ઉપાચાર્ય તરીકે પ્રજાપતિ પ્રિયાએ ભૂમિકા નિભાવી હતી. આ દિવસે છેલ્લા બે તાસમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષકશ્રી નિલેશભાઈ પટેલે કર્યું હતું તથા શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતાં.

# નિફ્ટના વિદ્યાર્થીઓ પેથાપુરની વુડન બ્લોક કાર્વિંગ કળા શીખ્યા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી નીફ્ટ ખાતે ટેક્ષટાઈલ ડીઝાઈન ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા વુડન બ્લોક પ્રિન્ટીંગ અંગે વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં પેથાપુરના પીઢ વુડન બ્લોક આર્ટિસ્ટ ગોવિંદભાઈ પ્રજાપતિ તથા તેમના શિષ્ય પ્રવિણભાઈ પ્રજાપતિ દ્વારા વિદ્યાર્થીને બ્લોક મેકિંગ અને પ્રિન્ટીંગની કળા શિખવાડવામાં આવી હતી. છેલ્લા અઠવાડિયામાં નીફ્ટ ખાતે હિન્દી પખવાડીયા તથા વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ વિવિધ કૃતિઓના પ્રદર્શનો જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

નીફ્ટના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને રિસર્ચ અને તેનું દસ્તાવેજીકરણ શીખવાડવામાં આવે છે જેમાં તેમને વિવિધ હસ્તકળાઓ અંગે માહિતગાર કરી તેમને શીખવવામાં આવે છે. સેમેસ્ટર પાંચમાંના કેટલાક વિદ્યાર્થીઓએ પેથાપુરની ટેક્ષટાઈલ પ્રિન્ટીંગ માટેના લાકડાના કોતરેલા બ્લોકની કળા શોધી કાઢી હતી. આ વિદ્યાર્થીઓમાં અભિલાષા માથુર, મનલોની ધોરડા, બંસરી દેસાઈ, પૂજા વાત્યાની, ઝીલ ગોહિલ, દષ્ટિ દફતરી, રોહિત ગુસૈન, વિપતિ મહેતા, મોનાલીસા મજુમદાર અને શબનમ કુમારીનો સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓએ પેથાપુરના ૬૮ વર્ષીય માસ્ટર ક્રાફટમેન ગોવિંદભાઈ પ્રજાપતિ અને તેમના શિષ્ય આર્ટિસ્ટ પ્રકાશભાઈ પ્રજાપતિ દ્વારા લાકડાના ટુકડાઓ પર કોતરણી કામ કરવાનું કાર્ય શીખવા વર્કશોપ યોજયો હતો. બંને કલાકારોએ વિવિધ સાધનોનો ઉપયોગ કરી કેવી રીતે બ્લોક તૈયાર કરવા તેમજ તેના વડે પ્રિન્ટીંગ કરવું તે અંગે વિગતવાર પ્રત્યક્ષ નિદર્શન દ્વારા સમજ આપી હતી. ગોવિંદભાઈએ ડ્રિલીંગ અને કોતરણી કામની ટેકનિકસ શીખવી હતી જયારે પ્રકાશભાઈએ બ્લોકનું પોલીશીંગ, કોતરણી, ડ્રિલીંગ સાથે ટેસ્ટ પ્રિન્ટીંગ દ્વારા છપામણી કળા પણ શીખવી હતી. વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આ કળા શીખી હતી અને તેનો આનંદ ઉઠાવ્યો હતો.

**પીઢ વુડ બ્લોક આર્ટિસ્ટ ગોવિંદભાઈ પ્રજાપતિ તથા તેમના શિષ્ય પ્રકાશભાઈએ વિદ્યાર્થીઓને બ્લોક કોતરણી અને કપડાનું પ્રિન્ટીંગ કરવાનું શીખવ્યું : વિદ્યાર્થીઓએ છેલ્લા બે વર્ષથી બનાવેલ કૃતિઓના પ્રદર્શન પણ યોજાયા**





આ ઉપરાંત નીફ્ટમાં અગાઉ બે દિવસ દરમિયાન પણ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં જવેલરી મેકિંગ, ફોટોગ્રાફી, કલે. મોડેલીંગ, વિવિધ ચીજવસ્તુઓ જેવી કે લેધર કટિંગ દ્વારા બનાવેલ પર્સ વગેરે, પેપર ક્રાફટ, પોસ્ટર મેકીંગ વગેરે અંગે પ્રદર્શન યોજાયા હતા. નીફ્ટના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા બે વર્ષથી બનાવેલ તમામ કૃતિઓના પ્રદર્શન યોજાયા હતા.

(તસવીર : સમીર રામી)

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન પુરુષોત્તમદાસ પટેલ, ઉ.વ. ૧૦૪
- સ્વ. સરીતાબેન સંતોષસિંહ ચૌહાણ, ઉ.વ.૪૬
- સ્વ. મંગુબેન કચરાદાસ પટેલ, ઉ.વ.૮૫
- સ્વ. મારૂતીબેન વિરેન્દ્રસિંહ ગાંધી, ઉ.વ.૬૯
- સ્વ.સોનાલી સંજયકુમાર વાઘેલા, ઉ.વ.૩૬
- સ્વ. ચંપાબેન ચેલાભાઈ આહીર, ઉ.વ.૬૮
- સ્વ. ગૌતમભાઈ નાનજીભાઈ સોલંકી, ઉ.વ. ૫૮